ગુજરાત સમાચાર પાના નં-૦૪, તા. ૨૪.૦૨.૨૦૨૪

# પીડીપીયુ ટ્રેક ઉપર મેટ્રો રેલનો પ્રિ-ટ્રાયલ રન:લોકોમાં ઉત્સુક્તા





ગાંધીનગરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે અમદાવાદથી ગિફ્ટ સિટી સુધીના પૂરા થયેલા આ કામ પહેલા મેટ્રો રેલ ટ્રેકનો ટ્રાયલ લેવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે અને તેના ભાગરૂપે હાલ આ ટ્રેક ઉપર મેટ્રો રેલના ખાલી નવા નકોર ટ્રેનના કોચ મૂકવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં હવે બીજા તબક્કાનું કામ જે ટ્રેક ઉપર પૂર્ણ થયું છે ત્યાં મેટ્રો રેલ દોડતી જોવા મળશે.

ગાંધીનગર,શુક્રવાર

ગાંધીનગરમાં બીજા તબક્કાની મેટ્રો રેલની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે અને લોકસભાની ચૂંટણી પહેલા ટ્રાયલરન કરી દેવાનો હોવાથી છેલ્લા બે દિવસથી પીડીપીયુ ટ્રેક ઉપર મેટ્રોના ડબ્બા ગોઠવી દેવામાં આવ્યા હતા એન આજે આ ટ્રેક ઉપર પ્રિ ટ્રાયલ રન કરવામાં આવ્યો હતો જેને લઈને અહીં રહેતા નાગરિકોમાં પણ ભારે ઉત્સુક્તા જોવા મળી હતી અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી માર્ચ મહિનામાં મોટેરાથી ગિફ્ટસિટી અને સેક્ટર-૧ સુધીના રૂટ ઉપર ટ્રાયલ રન કરવામાં આવશે. જેને લઈને હાલ મેટ્રો રેલ કોરપોરેશનનું તમામ તંત્ર દિવસ રાત કામ કરી રહ્યું છે.

ગાંધીનગર-અમદાવાદ ટ્વીનસિટીને જોડતો વધુ એક માર્ગ એટલે કે, મેટ્રોરેલનું પુરજોશમાં કામ હાલ ગાંધીનગરમાં ચાલી રહ્યું છે. ગાંધીનગરના પાંચ નંબર રોડ ઉપર વધુ બે મેટ્રો સ્ટેશન માટે આગામી સાત મહિના સુધી રોડ બંધ કરવામાં આવ્યા છે ત્યારે રેકોર્ડબ્રેક સમયમાં નર્મદા મુખ્ય કેનાલ પર એક્સ્ટ્રા ડોઝ્ડ કેબલ સ્ટેડ બ્રિજનું પણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીને હવે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં ગાંધીનગરના પીડીપીયુ રૂટ ઉપર પણ જોરોશોરોમાં કામ ચાલી રહ્યું છે. બે દિવસ પહેલા જ અહીં મેટ્રો ટ્રેનનો ડબ્બો મુકવામાં આવ્યો હતો જેના ફોટા અને વિડીયો ગાંધીનગરના ગ્રૃપમાં વાયરલ થયા હતા ત્યારે આજે પીડીપીયુ રૂટ ઉપર જીએનએલયુ અને ગિફ્ટસિટી પાસે પ્રિ ટ્રાયલ રન પણ મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પાવર કન્જમ્શન સહિત ઘણી બધી ટેકનીકલ બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આગામી દિવસમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરાથી ગિફ્ટસિટી અને સેક્ટર-૧ સુધીના રૂટનો ટ્રાયલ રન કરવામાં આવશે.

## માર્ચ-એપ્રિલ માસમાં મોટેરાથી ગિફ્ટસિટી અને સે-૧ સુધીના રૂટનો ટ્રાયલ રન કરાશે